સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

સપ્ટેમ્બર - ૨૦૧૦

બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-



## જેનાં અજવાળાએ અજવાળ્યું અમેરિકા...

પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયલ વડતાલ દેશ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના
પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું 'USA સત્સંગ પરિભ્રમણ - ૨૦૧૦'

વિદેશ સત્સંગ ધર્મયાત્રા વિશેષાંક



શિકાગોને આંગણે જ્ઞાનગોષ્ઠી-સત્સંગ પ્રશ્નોત્તરી કાર્યક્રમમાં બાળકો અને યુવાનો સાથે સંપ્રદાયલક્ષી સત્સંગચર્ચા કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.



ન્યૂજર્સીને આંગણે યોજાયેલ ત્રિદિનાત્મક 'દિવ્ય સત્સંગ શિબિર' પ્રસંગે સત્સંગ પ્રશ્નોત્તરી કાર્યક્રમમાં બાળકો અને યુવાનોના પ્રશ્નોનું સંતોષકારક સમાધાન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.




# શ્રી સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૬, અંક :- ૩, તા. ૨૦-૦૯-૧૦

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી
**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

તંત્રી : સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : રૂ. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : રૂ. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : રૂ. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |

:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
**Visit us :** www.sardhardham.org
www.swaminarayanvadtalgadi.org
**E-mail :** chintansardhar@yahoo.in
sardharmandir@gmail.com

"હાર્દિક અભિનંદન"

## ચિંતન સામયિક સૌજન્ય
## ધર્મકુળ આશ્રિત
## શ્રી સ્વામિનારાયણ
## સત્સંગ સમાજ - યુ.એસ.એ

આંતરરાષ્ટ્રીય
# શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ
2010

તા.૨૩ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૦-લક્ષ્મીવાડી ગઢપુર

અધ્યક્ષ : પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ શ્રી આચાર્યશ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ

ઉપાધ્યક્ષ : પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ

## અનુક્રમણિકા

૧ || श्री आसमुद्रान्तसत्कीर्तये नमः || ૦૪

૨ || चरन् वै मधु विन्दते || ૦૬

૩ જેનાં અજવાળાએ અજવાળ્યું અમેરિકા.... - સંકલિત ૦૮

૧. શ્રી સ્વામિનારાયણ મંદિર - શિકાગોમાં પધરામણી (IL)......... 10
૨. દિવ્ય સત્સંગ સભા - હ્યુસ્ટન (Texas)......... 12
૩. શ્રી સ્વામિનારાયણ મંદિર - ઓસ્ટીનમાં પધરામણી (TX)...... 14
૪. દિવ્ય સત્સંગ સભા - ડલાસ (Texas)......... 16
૫. શ્રી સ્વામિનારાયણ મંદિર - એટલાન્ટામાં પધરામણી (GA).... 18
૬. દિવ્ય સત્સંગ સભા - વર્જીનીયા (Virginia)......... 20
૭. દિવ્ય સત્સંગ શિબિર - ન્યૂજર્સી (NJ)......... 22
૦૮. દ્વિતીય દિવસ : તા. ૧૪-૮-૨૦૧૦......... 24
૦૯. હેલીકોપ્ટર દ્વારા સ્વાગત-શોભાયાત્રા......... 26
૧૦. અમદાવાદ એરપોર્ટ પર ભવ્ય સ્વાગત......... 28
૧૧. ભવ્ય સ્વાગત સત્સંગ સભા - ગઢપુર......... 29
૧૨. ઈલોનોઈસ રાજ્યનો 'માનદ્ નાગરિક' બહુમાન પત્ર.. 30
૧૩. વિસ્કોન્સી રાજ્યનો 'માનદ્ નાગરિક' બહુમાન પત્ર.... 31

૪ સાતમી શ્રી સ્વામિનારાયણ ચારધામસ્પેશ્યલ ટ્રેનયાત્રા... ૩૨

૫ સત્સંગ સમાચાર ૩૯
- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ ધર્મવલ્લભદાસજી

**લેખન-સંકલન : સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પા. ખુશાલ ભગત**
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

# श्री आसमुद्रान्तसत्कीर्तये नमः ।



"હે મહારાજ ! તમારી કીર્તિ **સાત સમુદ્ર પર્યંત** પ્રસરેલી છે, તમામ બ્રહ્માંડોમાં તમારી **કીર્તિ** તથા તમારો જશ પ્રસરેલો છે."

આમ કહી સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ સ્વરચિત શ્રી સત્સંગિજીવન ગ્રંથના **'જનમંગલસ્તોત્ર'**માં ૭૦મું નામ ઉચ્ચાર કરી ભગવાન શ્રીહરિને **ભાવાંજલિ** અર્પણ કરી : **'श्री आसमुद्रान्तसत्कीर्तये नमः ।'**

અણસમજણથી એવું કહેવામાં આવે છે કે, "ભગવાન શ્રી સ્વામિનારાયણ કેવળ કચ્છ અને ગુજરાતનો જ ઉદ્ધાર કરવા પ્રગટ્યા હતા." સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી ભગવાન શ્રી સ્વામિનારાયણનું ઉપરોક્ત નામાભિધાન કરીને સમગ્ર જગતને જણાવે છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણ સમગ્ર સૃષ્ટિના જીવાત્માઓના પ્રેય અને શ્રેય માટે નહિ, પરંતુ અનંતકોટિ બ્રહ્માંડોમાં રહેલા બદ્ધ જીવાત્માઓની મુક્તિ માટે પ્રગટ થયા છે. તેની સાબિતી છે કે આજે **'શ્રી સ્વામિનારાયણ'** નામનો વિશ્વભરમાં ડંકો વાગે છે. જ્યાં જાઓ ત્યાં 'શ્રી સ્વામિનારાયણ' નામ ગૂંજે છે, **જય જયકાર** થાય છે. લગભગ કોઈ એવો દેશ નથી કે જ્યાં **'શ્રી સ્વામિનારાયણ'** નામ જપનાર કોઈ ભક્ત ન હોય.

સાત સમુદ્રને પેલે પાર ભગવાન શ્રી સ્વામિનારાયણની **કીર્તિ** ફેલાયેલી છે. સર માલ્કમ શ્રીજીમહારાજને મળ્યા ત્યારે ભગવાન શ્રીહરિએ એમને **'શિક્ષાપત્રી'** આપી હતી. એ શિક્ષાપત્રી હાલ લંડનમાં 'University of Oxford'માં રાખેલી છે. પરદેશી ગવર્નરો દ્વારા, પાદરીઓ દ્વારા, અંગ્રેજો દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણની કીર્તિ યુરોપ દેશમાં પહોંચી. સમસ્ત દુનિયામાં સર્વત્ર સહજાનંદની કીર્તિ વિસ્તાર પામી. યુરોપના રાજવીઓને વિચાર થતો કે 'અમારી તોપો, બંદૂકો અને લડાઈથી જે ન થયું, તે કાર્ય આ સહજાનંદે કેવળ ગુલાબનું ફૂલ લઈને કર્યું છે.'

૧૯મી સદીમાં **ગુજરાતની ધરતી પર** બ્રિટીશ સામ્રાજ્યનો ઝંડો લહેરાઈ રહ્યો હતો ત્યારે **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અજવાળાં** પણ ઝડપભેર સમગ્ર પ્રાંતમાં પ્રસરી રહ્યા હતાં. એક કહેવત પ્રચલિત થઈ ગઈ હતી કે, **'ટીલું અને ટોપી સાથે આવ્યા છે, ને સાથે જશે.'** પરંતુ સમયાંતરે આ કહેવત **અર્ધી ખોટી** પુરવાર થઈ. ટોપી તો ભારતમાંથી વિદાય થઈ, પણ ટીલું ભારતમાંથી વિસ્તરીને જગતભરમાં ફેલાયું. એટલું જ નહીં

એ સમયનાં બ્રિટીશ અધિકારીઓનાં હૈયા પર પણ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રભાવ પથરાઈ ગયો હતો. આ સંપ્રદાયની **નૈતિકતા** અને **રીતભાત**ની **પ્રશંસા** કરતા બ્રિટીશ અધિકારીઓ થાકતા નહોતા. તેની પ્રતીતિરૂપે બ્રિટીશ અધિકારીઓના **અનુભાવાત્મક ઉદ્‌ગારો**ની એક ઝલક અહીં પ્રસ્તુત છે :

**● સંપ્રદાયનાં સિદ્ધાંતો સુધારાવાદી છે,...**

"હું સ્વામિનારાયણ સંપ્રદાયથી ઘણા લાંબા સમયથી **પરિચિત** છું. હિંદુઓમાં ધર્મના નામે જે **નૈતિક અધઃપતન** થયું હતું એવા સમયે સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતો અને આચરણ **સુધારાવાદી** રહ્યા છે. સમાજમાં શિસ્ત અને એકતા જાળવવા, શાંતિ પ્રસ્થાપિત કરવા અને ગુનાહિત કૃત્યોને અટકાવવા મદદે ઊભા રહેવા તેઓ સદા તત્પર હોય છે. કોઈપણ કામ કરવાની જવાબદારી સ્વીકારે ત્યારે તેને સામૂહિક સેવાથી નિષ્ઠાપૂર્વક સંપન્ન કરે છે."

- **કે. શહાબુદ્દીન,** રેવન્યુ કમિશ્નર - વડોદરા (ઈ.સ. ૧૮૭૬)

**● આ સંપ્રદાયના અગ્રણીઓ બુદ્ધિમંત અને ખૂબ વિનયી છે,...**

"જ્યાં સને ૧૮૩૦માં ગઢડામાં આ સંપ્રદાયના સ્થાપક સહજાનંદ સ્વામીને **દેહાંત** થયો હતો ત્યાં વર્ષો પહેલા અમારો એક **કેમ્પ** હતો અને એ સમયે મારું ધ્યાન આ સંપ્રદાય પ્રત્યે **આકર્ષિત** થયું હતું. અને ત્યારથી આ સંપ્રદાયમાં મને **વિશેષ રસ** પડ્યો છે. આ સંપ્રદાયનાં અગ્રણીઓને હું મળ્યો છું અને મેં અનુભવ્યું છે કે તેઓ **બુદ્ધિમંત** અને ખૂબ **વિનયી** છે."

- **હેન્રી એફ. આસ્ટન,** સુરત (ઈ. સ. ૧૮૭૬)

**● હું ખાતરીપૂર્વક કહી શકું,...**

"આ સંપ્રદાયના અનુયાયીઓને વિશેષપણે સ્વચ્છતા, આચારશુદ્ધિ અને તમામ પ્રકારની હિંસાથી દૂર રહેવાનું શીખવાય છે. આ જિલ્લામાં આસિસ્ટન્ટ તરીકે ત્રણ વર્ષથી વધુ સમયના મારા અનુભવોના આધારે હું **ખાતરીપૂર્વક** કહી શકું કે આ સંદર્ભમાં સંપ્રદાયના અનુયાયીઓ તેમના ગુરુની ભાવનાઓને દૂરસુદૂર સુધી પહોંચાડી રહ્યા છે, જેઓ આ વિષયમાં રાજ્યમાં એક **ઉદાત્ત ઉદાહરણ** પૂરું પાડી રહ્યા છે. અને જેમ જેમ વધુ લોકો તેમને અનુસરશે તો વધુ સારું ગણાશે."

- **જી. એચ. વિલ્સન,** એક્ટિંગ કલેક્ટર - નડિયાદ (ઈ.સ. ૧૮૭૯)

**● એક ન્યાયાધીશ તરીકે મને એ સુપેરે નિહાળવાની તકો મળી છે,...**

"સ્વામિનારાયણ સંપ્રદાયે ઘણા સારા પ્રતિભાવો મેળવ્યા છે. તેમાં, ગુજરાતમાં મારી ફરજના વર્ષો દરમ્યાન મેં નિહાળ્યું છે તેના આધારે મારો **પ્રતિભાવ** ઉમેરતાં મને આનંદ થાય છે. એક ન્યાયાધીશ તરીકે મને એ સુપેરે નિહાળવાની તકો મળી છે કે આ સંપ્રદાયના અનુયાયીઓના જીવનમાં **ઉત્તમ ચારિત્ર્ય** અને **નૈતિક મૂલ્યો** છે. તેના કારણે જ તેમના ખૂબ ઓછા અનુયાયીઓને મુશ્કેલી આવી છે."

- **મેજિસ્ટ્રેટ જી.બી. રીડ, સી. એસ.,** - વડોદરા (ઈ.સ. ૧૮૮૦)

**● આ ધર્મ સહેજ પણ ઉણો ઊતરે તેમનથી,...**

"સ્વામિનારાયણ સંપ્રદાયની **ઊચ્ચ નૈતિકતા** આજે સમગ્ર ગુજરાતમાં ખૂબ ચર્ચિત છે. જો કે તેમનો ધર્મ આપણા (ખ્રીસ્તીના) ધર્મ કરતાં જુદો છે, છતાં ઉદારતા, દાન, સંયમ અને સદ્‌ગુણોનું શિક્ષણ આપવામાં આ ધર્મ સહેજ પણ ઉણો ઊતરે તેમનથી."

- **કેપ્ટન જહોન હમ્ફી,** સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલિસ - અમદાવાદ (ઈ.સ. ૧૮૮૦)

**● આ સંપ્રદાયના અનુયાયીઓનો સામાન્ય વ્યવહાર પણ ઉત્તમ છે,...**

"હું માનું છું કે આ સંપ્રદાય **ઘણું સારું કામ** કરી રહ્યો છે, સંપ્રદાયના સિદ્ધાંતો સારી રીતે વારંવાર ઉપદેશવામાં આવે છે. અનુયાયીઓનો સામાન્ય વ્યવહાર પણ ઉત્તમછે. અનુભવના આધારે કહી શકું કે ઘણા કાઠીઓનું અને બીજાઓનું **હૃદય પરિવર્તન** થયું છે અને તેમનામાં **ખૂબ સુધારો** જોવા મળ્યો છે."

- **મેજર ચાર્લ્સ વૂડ હાઉસ,** આસિ. પોલીટિકલ એજન્ટ, કાઠિયાવાડ (ઈ.સ. ૧૮૮૦)

**● આ સંપ્રદાય બહુ ગમે છે,...**

"મને મારા જિલ્લાઓમાં આ સંપ્રદાય બહુ ગમે છે. ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદ શહેર અને જિલ્લાઓમાં જેની જરૂરિયાત છે તેવા પ્રામાણિકતા, સ્વચ્છતા અને સંયમના સદ્‌ગુણોનું પાલન દૃઢ કરાવે છે."

- **ડબલ્યુ એફ. સિંકલેઈર,** એક્ટિંગ આસિ. કલેક્ટર - અમદાવાદ (ઈ.સ. ૧૮૮૦)

આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણના **અદ્વિતીય આકર્ષણ** અને **દિવ્ય પ્રભાવ**થી ભારતની તથા પશ્ચિમની ભૂમિ પર એક **નૈતિક** અને **આધ્યાત્મિક** સમાજ તૈયાર થયો હતો. એટલે જ ભગવાન શ્રી સ્વામિનારાયણના સમાજ ઘડતરના આ **વિરાટ કાર્યો**ને વિદેશી અધિકારીઓએ તથા લેખકોએ જે **ભાવાંજલિ** અર્પી છે, તેમાં ભગવાન શ્રીહરિની દિવ્ય પ્રતિભા સાથે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન **નીતિ-પ્રસાર**ના **કાર્યો**ની એક **ઝલક** પ્રાપ્ત થાય છે.

આજે સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**નાં **૧૦૮ નામો**માંનું એક શુભ નામ 'श्री आसमुद्रान्तसत्कीर्तये नमः ।' પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સમુદ્રને પેલે પાર વિદેશની ધરતી પર સત્સંગ વિચરણ કરીને **ચરિતાર્થ** કરી દીધું છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રગટાવેલી **આધ્યાત્મિક ચેતના**ની જ્યોત, તેમના જ અપરસ્વરૂપસમા **પ.પૂ. લાલજી મહારાજ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** દ્વારા વિશ્વ સમસ્તમાં શાશ્વતકાળ સુધી **અજવાળાં** પાથરતી રહેશે.



# चरन् वै



# मधु विन्दते ।

મહાપુરુષો હંમેશા **પ્રવાસવીર** રહ્યા છે. કારણ કે શુભ માર્ગે 'चरन् वै मधु विन्दते ।' - એ ન્યાયથી સદા ગતિમાન પુરુષ અમૃત પદની પ્રાપ્તિ કરી શકે છે.

સકલ વિશ્વમાં ક્ષણે ક્ષણે અબજો **ઘટનાઓ** બનતી હોય છે. જેની **નોંધ** લેવી આપણે ભૂલી જઈએ છીએ. આપણે એમ માનીએ છીએ કે **ભારતીય સંસ્કૃતિ** અનાદિકાળથી ઈતર સંસ્કૃતિઓથી દૂર રહી છે. પરંતુ એમનથી, ભારતીય સંસ્કૃતિનો નાતો તમામ સંસ્કૃતિઓ સાથે **એક સિક્કાની બે બાજુની** જેમ જોડાયેલો છે.

એ સમજવા માટે ઈતિહાસના કેટલાક વણઉકેલ્યા પૃષ્ઠો પર નજર કરવી જોઈએ. સમયદેવતાનું ચક્ર પળવાર થંભાવીને **એક ઈતિહાસ નજર** કરવી જોઈએ.

અમેરિકા ખંડ અને **ભારતીય સંસ્કૃતિ**નો **નાતો** કેટલો પુરાણો છે ? સ્પેનીશ સાગરખેડુ ક્રિસ્ટાફેર કોલંબસે ૧૫મી સદીમાં **અમેરિકા ખંડ** શોધ્યો, તે પહેલાં પ્રશાંત મહાસાગર અને એટલાન્ટિક મહાસાગર ઓળંગીને અમેરિકા ખંડ સુધી કોણ પહોચ્યું હતું ?

કેટલા ભારતીયોને જાણ હશે કે કોલંબસ કરતા ૧૦૦૦ વર્ષ પહેલાં અમેરિકા ખંડ સુધી પહોંચનાર એક **ભારતીય સાધુ** હતાં ?

એનું નામ હતું :- **સ્વામી હરિચંદજી...**

પાંચમી સદીમાં, એટલે કે આજથી ૧૫૦૦ વર્ષ પહેલાં ધર્મની **શ્રદ્ધા-જ્યોત**ને લઈને સ્વામી હરિચંદજીએ અનેક મુશ્કેલીઓનો સામનો કરીને અમેરિકા ખંડની ધરતી પર મેક્સિકોમાં પ્રથમ પગ મૂક્યો હતો. એક ભારતીય સાધુ તરીકે અમેરિકા સુધી પહોંચીને તેમણે **ધર્મપ્રચાર**નો એક **વિશિષ્ટ ચીલો** ચીતરી દીધો હતો.

ઈતિહાસકારોએ નોંધ લીધી છે કે, સ્વામી હરિચંદ પહેલાં **સેંકડો વર્ષોથી** ભારતીયોની





અમેરિકા સુધીની **જહાજયાત્રાઓ** ચાલુ હતી. અમેરિકાના મેક્સિકો, પેરુ, ગ્વાટામાલ્યા વગેરે ભૂભાગો સુધી ભારતીયોએ ભારતીય સંસ્કૃતિની **સુવાસ** પ્રસરાવી હતી.

ગંગાને પૃથ્વી પર અવતારનાર **ભગીરથ**ની જેમ ભારતમાં એવા કેટલાય ભગીરથો પ્રગટ્યાં, જેમણે વેદ, ઉપનિષદો, રામાયણ, મહાભારતની દિવ્ય ગંગાને વિશ્વના અનેક દેશોમાં વહાવી હતી. એક મહાન સંસ્કૃતિની મહાન **આધ્યાત્મિક પરંપરાને..., દિવ્ય જ્યોતિના અજવાળા**ને દુનિયાના ખૂણે-ખૂણે પ્રસરાવી હતી. હજારો વર્ષો પહેલાં મહર્ષિ અગસ્ત્યે તેનો પ્રારંભ કર્યો હતો. પહેલી શતાબ્દિ કે તેથીય પહેલા, પૂર્વ અને પશ્ચિમ દિશાઓમાં બ્રાહ્મણો અને વેપારીઓ, કલાકારો અને વિદ્વાનોએ પ્રવાસ કરીને **સંસ્કૃતિની સુવાસ** પ્રસરાવી હતી. તેમાં ભારતીય સાધુઓ પણ હતાં. તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં હિંદુત્વની **આધ્યાત્મિક અસ્મિતા**નો ધ્વજ ફરકાવ્યો.



ઈન્ડોનેશિયા, મલેશિયા, થાઈલેન્ડ, જાપાન, કંબોડિયા, મોંગાલિયા, ઈજીપ્ત, અરબસ્તાન, રોમ, ગ્રીસ, યુરોપના અન્ય દેશો અને છેક અલાસ્કા સુધી સમગ્ર વિશ્વને પ્રેરણા આપવા નીકળી પડનારા **હિન્દુ મહાપુરુષો**એ સમયે સમયે ઈતિહાસનું એક **અવિસ્મરણીય પૃષ્ઠ** ઉમેર્યું છે.



એજ રીતે તાજેતરમાં જ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના નવમા વંશજ અને સત્સંગ સંપોષક સંવર્ધક, સત્સંગ શિરોમણી, ધર્મકુળ ભૂષણ આપણા સૌના પ્રેરણાદાતા, લાખો યુવક-હૃદયના ધબકાર, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની સુવાસને યુગપ્રભાવી કરનાર શ્રીજીમહારાજના આઠમા વંશજ **પ.પૂ. સનાતન. ધ.ધુ. ૧૦૦૮ શ્રી સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના પનોતા સત્પુત્ર, અનુગામી અને વારસદાર, રંગપંચમીના પુણ્ય પ્રભાતે પ્રગટેલા, ભગવાન શ્રીહરિના અપર સ્વરૂપ લાડિલા લાલ **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**એ અમેરિકા ખંડમાં પોતાની પાવન પધરામણી કરી સારાયે અમેરિકા સત્સંગ સમાજને ઘેલું લગાડ્યું હતું. અત્રે પ.પૂ. લાલજી મહારાજશ્રીની તે '**USA સત્સંગ પરિભ્રમણ - ૨૦૧૦**' યાત્રાની ઝલક પ્રસ્તુત છે.




# જેનાં અજવાળાએ અજવાળ્યું અમેરિકા...

## વડતાલ દેશ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના લાલજી પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું USA સત્સંગ પરિભ્રમણ - ૨૦૧૦

સાત સમુદ્રની પેલે પાર અને દેશમાં વસતા તમામ મુમુક્ષુઓમાં પણ **આધ્યાત્મિક ચેતના** જગાવતા વિશ્વના એક **વિરાટકાય** આ **સંપ્રદાય**ના દક્ષિણ વિભાગ વડતાલ દેશના **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**એ સ્વામિનારાયણીય **વૈદિક ચેતના**ની **જ્યોત**ને સહસ્રગણી વિસ્તારી છે.

માનવમાત્રના ઉત્કર્ષનું **જીવનધ્યેય** લઈને સતત વિચરતા રહેતા પ.પૂ. લાલજી મહારાજશ્રી પોતાના કથળતા સ્વાસ્થ્યની પણ પરવા કર્યા વિના અવિરત **પુરુષાર્થશીલ** રહે છે. સમાજના સર્વાંગી ઉત્કર્ષથી લઈને વ્યક્તિ વ્યક્તિની ઊર્ધ્વગતિ માટે અહોરાત્રી પરિશ્રમકરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી ફક્ત ૩૭ વર્ષની વયે દિવસભર સત્સંગ સભાઓ, વ્યક્તિગત મુલાકાતો કે અનેકવિધ કાર્યક્રમો દ્વારા પોતાની ક્ષણે ક્ષણ **રચનાત્મક વિનિયોગ** કરી રહ્યા છે.

સતત જનહિતાર્થે પરિભ્રમણ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રીને કોઈ પરિસ્થિતિ તેમને નડતી નથી. ભગવાન શ્રી સ્વામિનારાયયણ, પૂર્વ આચાર્યશ્રીઓ તથા નંદસંતોના **પ્રચંડ પુરુષાર્થ**ને સાર્થક કરવાના **પવિત્ર પુરુષાર્થ**ના રૂપમાં દેશ-વિદેશમાં **સતત વિચરણ** કરતા રહે છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં લાલજી પદ ઉપર રહી સમગ્ર ગુજરાતમાં નહિ,

સમગ્ર દેશમાં સૌથી વધુ પરિભ્રમણ જો કોઈએ કર્યું હોય તો તે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ કર્યું છે. અને આ સંપ્રદાયનો બસ્સો વર્ષનો ઈતિહાસ તેમજ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સંદેશો જન-જન સુધી પહોંચાડ્યો છે, યુવાનોના હૃદય સુધી પહોંચ્યા છે અને ક્રાંતિ તથા શાંતિનો એક મજબુત સંદેશો યુવાવર્ગને આપ્યો છે. ભારત દેશના અન્ય રાજ્યો સહિત ગુજરાત અને મહારાષ્ટ્રને પોતાની **વિચરણભૂમિ** બનાવી ચૂક્યા છે અને તાજેતરમાં સત્સંગહિતાર્થે અમેરિકાખંડમાં પોતાની પુનિત પધરામણી કરી પોતાના **કાર્યક્ષેત્રને અનેકગણું** વિસ્તાર્યું છે.

જેમ વિરાટપુરુષે પોતાની આયુષ્યના **૫૦ વર્ષ** અને **દોઢ પહોર** સુધી પુરુષોત્તમનારાયણની **પ્રાર્થના** કરી ત્યારે આ બ્રહ્માંડમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના **પાવન પગલા** થયાં. તેમ અમેરિકામાં વસતા સત્સંગી હરિભક્તો પણ વર્ષોથી પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીને પોતાના દેશમાં પધારવા **પ્રાર્થના** કરી રહ્યા હતાં. તે અમેરિકાવાસી હરિભક્તોની પ્રાર્થનાને માન આપી, સત્સંગ વૃદ્ધિ, વિકાસ, સદ્ધર્મ અને શ્રીજીમહારાજ સ્થાપિત સિદ્ધાંતોનું **પોષણ** અને **બળ** આપવા માટે સર્વાવતારી, સર્વોપરી ઈષ્ટદેવ અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ દક્ષિણ વિભાગ વડતાલ દેશ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **વિધમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આંતરરાષ્ટ્રીય **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ - ૨૦૧૦'** વર્ષમાં **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** સંતમંડળ સહિત **તા. ૨૮-૭-૨૦૧૦** થી **તા. ૧૭-૮-૨૦૧૦** સુધી અમેરિકાની ધરતી પર પધાર્યા.

જેમના આગમનને આજે ઓગણીસ ઓગણીસ વર્ષના વાણા વાઈ ગયા. તેમછતાં...,

પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીને અમેરિકાની ધરતી અને અમેરિકાવાસી હરિભક્તો ભૂલી શક્યા નહોતા, ત્યાં ભગવાન શ્રીહરિની કૃપાથી ફરી એ આનંદની ક્ષણ આવી ગઈ. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ વિરહાતુર અમેરિકાની ધરતી પર પોતાના ચરણારવિંદ પુનઃ અંકિત કર્યાં ત્યાં જ વિદેશની ભૂમિ પુલકિત બની **'સ્વાગતમ્...સુ-સ્વાગતમ્...'**નું ગાન ગાતી નાચી ઊઠી, હજારો હરિભક્તોના હૈયા આનંદથી તરબોળ થઈ ગયા. ભગવાન **શ્રી સ્વામિનારાયણનું નૂર** નિહાળીને અમેરિકાવાસી **પ્રજાજનો** પણ છક થઈ ગયા, અને પોતાના કેમેરાની મેમરીમાં એ અદ્‌ભુત દિવ્ય છબીને સંગ્રહિત કરવા લાગ્યા. અમેરિકાની ધરતી પર પ.પૂ. લાલજી મહારાજશ્રીનું **આકર્ષણ** અનેરું હતું. અમેરિકાના વિવિધ રાજ્યોમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની **સ્વાગત શોભાયાત્રા,** સત્સંગ સભાઓ, સત્સંગ શિબિરો તથા પધરામણી **પૂર્વઆયોજન પ્રમાણે** ગોઠવાઈ ગયા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રી જ્યાં જ્યાં પધારતા ત્યાં ખૂબજ વિશાળ સંખ્યામાં **ભાવિક ભક્તો** પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શન-અમૃતવાણીનો અનેરો દિવ્ય લાભ લેવા ઉમટતા અને **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ના **અપરસ્વરૂપ**ના **દર્શન** કરી **ધન્યતા** અનુભવતા હતા.

પ.પૂ. લાલજી મહારાજશ્રીની આ સત્સંગ યાત્રા દરમ્યાન ધર્મકુળ આશ્રિત ઈન્ટરનેશનલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળના નિષ્ઠાવાન અને ઉત્સાહી યુવાનો સાથે રહીને ખૂબજ સેવા કરીને આ યાત્રાને દિપાવી હતી.





પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની

# શ્રી સ્વા. મંદિર-શિકાગોમાં પધરામણી (IL)

તા. ૨૮ થી ૧-૮-૨૦૧૦

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના **'સર્વજીવહિતાવહ'** સંદેશ જનજન સુધી પહોંચે તે માટે સતત વિચરણ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રીની, ઈ.સ. ૧૯૯૧માં વડતાલ દેશ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** દ્વારા પ્રતિષ્ઠિત થયેલ **શ્રી સ્વામિનારાયણ મંદિર - શિકાગો**માં પધરામણી તા. ૨૮ થી ૧-૮-૨૦૧૦ સુધી થઈ હતી. આ સમય દરમ્યાન શિકાગો શહેરના ભક્તજનોએ **ભવ્ય શોભાયાત્રા** દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું **સ્વાગત-પૂજન** કર્યું હતું. અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાની **દિવ્ય અમૃતવાણી**નો લાભ આપીને ભક્તજનોને **ધન્યભાગી** કર્યા હતા.

**તા.૨૮-૭-૨૦૧૦ :-** શિકાગોના ઓહેર એરપોર્ટ પર સવારે ૧૧.૦૦ વાગ્યે પ.પૂ. લાલજી મહારાજશ્રીનું **આગમન.** અનેક ભક્તો દ્વારા એરપોર્ટ પર **સ્વાગતપૂજન.** મંદિરમાં ઠાકોરજીની સંધ્યાઆરતી, નિત્યનિયમ, ચેષ્ટા વગેરે. હરિભક્તોને દર્શન આપીને સત્સંગ જ્ઞાનગોષ્ઠી.

**તા.૨૯/૩૦-૭-૨૦૧૦ :-** શિકાગો શહેરમાં સવારથી લઈ સાંજ સુધી હરિભક્તોના નિવાસસ્થાનોએ **પધરામણી.** મંદિરમાં ઠાકોરજીની સંધ્યાઆરતી, નિત્યનિયમ, ચેષ્ટા વગેરે...

**તા.૩૧-૭-૨૦૧૦ :-** શિકાગો શહેરમાં સવારથી બપોર સુધી હરિભક્તોના નિવાસસ્થાનોએ **પધરામણી.** સાંજે મંદિરમાં **સત્સંગ સભા,** ઠાકોરજીની સંધ્યાઆરતી, નિત્યનિયમ, ચેષ્ટા વગેરે...

**તા.૧-૮-૨૦૧૦ :-** શિકાગો શહેરમાં સવારથી બપોર સુધી હરિભક્તોના નિવાસસ્થાનોએ **પધરામણી.** સાંજે મંદિરમાં બાળકો અને યુવાનો સાથે સત્સંગ પ્રશ્નોત્તરી, **સત્સંગ સભા,** ઠાકોરજીની સંધ્યાઆરતી, નિત્યનિયમ, ચેષ્ટા વગેરે...

**તા.૨-૮-૨૦૧૦ :-** સવારથી સાંજ સુધી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ વિસ્કોન્સી શહેરમાં વસતા શ્રી મહેશભાઈ પટેલ, પરેશભાઈ, રાજુભાઈ, ચંદ્રેશભાઈ, રામભાઈ આદિક ભક્તોના ઘરે **પધરામણીનો લાભ** આપ્યો હતો.












SHRI
SWAMINARAYAN
TEMPLE




પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં

# દિવ્ય સત્સંગ સભા - હ્યુસ્ટન (Texas)

તા. ૪-૮-૨૦૧૦

શિકાગોના હરિભક્તોને દર્શન-અમૃતવાણીનો લાભ આપીને પ.પૂ. લાલજી મહારાજશ્રી અમેરિકા ખંડના **ટેક્સાસ** રાજ્યના **હ્યુસ્ટન** શહેરને આંગણે તા. ૪-૮-૨૦૧૦ના રોજ સંતો-ભક્તો સાથે પધાર્યા હતા. અહિં વસતા ભાવિક ભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ગાજતે-વાજતે **શોભાયાત્રાથી** ભવ્ય **સ્વાગત-પૂજન** થયું હતું. ત્યારબાદ શ્રી રાધાકૃષ્ણ મંદિરમાં **સત્સંગ સભાનું** આયોજન કરવામાં આવ્યું હતું. સભામાં અગ્રણી ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળા પહેરાવી સ્વાગત કર્યું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાની અમૃતવાણીરૂપી **આશીર્વાદ**માં ભારતીય સંસ્કૃતિ અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની વિશેષતા સમજાવી હતી. તા. ૩-૮-૨૦૧૦ના રોજ શ્રી ઘનશ્યામભાઈ પટેલ (સાવલી)ના નિવાસસ્થાને સાંજે ઘરસભાનું આયોજન કરવામાં આવ્યું. તેમજ હ્યુસ્ટન શહેરમાં વસતા હરિભક્તોના નિવાસસ્થાનોએ **પધરામણી**નો લાભ આપ્યો હતો.








MMH 108















પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની

# શ્રી સ્વા. મંદિર - ઓસ્ટીનમાં પધરામણી

તા. ૫-૮-૨૦૧૦

ટેકસાસ રાજ્યના ઓસ્ટીન શહેરને આંગણે તા. ૫-૮-૨૦૧૦ના રોજ હ્યુસ્ટનમાં લાભ આપીને પ.પૂ. લાલજી મહારાજશ્રી સંતો-ભક્તો સાથે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પધાર્યા હતા. અહિં વસતા ભાવિક ભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ત્યારબાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં **સત્સંગ સભા**નું આયોજન કરવામાં આવ્યું હતું. સભામાં મંદિરના પ્રેસિડન્ટ શ્રી અંકુરભાઈ દેસાઈ તેમજ અગ્રણી ભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીને **હારતોરા** કરીને સ્વાગત કરવામાં આવ્યું. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાની અમૃતવાણીરૂપી **આશીર્વાદ**માં જીવાત્માએ પોતાનો લક્ષ અને ધ્યેય નક્કી કરવું અને સત્સંગની મહત્તા સમજાવી હતી. ઓસ્ટીન શહેરમાં વસતા ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીની પોતાના ઘેરે પધરામણી કરાવી અનેરો લ્હાવો લીધો હતો.















પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પવિત્ર નિશ્રામાં

# દિવ્ય સત્સંગ સભા - ડલાસ (Texas)

તા. ૭-૮-૨૦૧૦

તા. ૭-૮-૨૦૧૦ના રોજ ટેકસાસ રાજ્યના ડલાસ શહેરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રી સંતો-ભક્તો સાથે પધાર્યા હતા. અહિંના ભક્ત સમુદાય દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીની **ભવ્ય શોભાયાત્રા** કાઢવામાં આવી હતી. ત્યારબાદ શ્રી સનાતન હિંદુ મંદિરમાં **સત્સંગ સભા**નું આયોજન કરવામાં આવ્યું હતું. સભામાં મંદિરના પ્રેસિડન્ટ તેમજ અગ્રણી ભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પમાળા પહેરાવી **સ્વાગત-પૂજન** કર્યું હતું. અંતમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તોને આશીર્વાદાત્મક **અમૃતવર્ષા** વહાવી હતી. ડલાસ શહેરમાં વસતા ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીની પોતાના ઘેરે પધરામણી કરાવી અનેરો લ્હાવો લીધો હતો. તા. ૬-૮-૨૦૧૦ના રોજ વડોદરાના શ્રી રંજનબેન સોનીના સુપુત્ર શ્રી અજયભાઈ સોનીને ત્યાં એકાદશીના પવિત્ર દિને ઘરસભામાં પધારી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાની દિવ્ય અમૃતવાણીથી ભક્તજનો રસતરબોળ કર્યા હતા.

















પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની

# શ્રી સ્વા. મંદિર - એટલાન્ટામાં પધરામણી (GA)

તા. ૮-૮-૨૦૧૦

અમેરિકા ખંડના જ્યોર્જયા રાજ્યના એટલાન્ટા વિસ્તારમાં આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૮-૮-૨૦૧૦ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી સંતો-ભક્તો સાથે ડલાસના ભાવિક ભક્તોને અનેરો સત્સંગ-કથાવાર્તાનો લાભ આપીને પધાર્યા હતા. અહિંના ધર્મપ્રેમી ભાવિક ભક્તજનો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું વાજતે-ગાજતે **શોભાયાત્રા** કાઢીને સ્વાગત કરવામાં આવ્યું હતું. સત્સંગ સભામાં પૂ. સંતો દ્વારા ધર્મકુળ મહિમા પર **પ્રાસંગિક પ્રવચનો** બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તોને **રૂડા આશીર્વાદ** પાઠવ્યા હતા. અહિં વસતા હરિભક્તોએ પોતાના નિવાસસ્થાનોમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની **પધરામણી** કરાવીને પોતાના આંગણે ભગવાન શ્રીહરિ પધાર્યા તેવો ભાવ વ્યક્ત કર્યો હતો. તા. ૯-૮-૨૦૧૦ના રોજ **બર્મિંગહામ** (અલાબામા)ને આંગણે **શ્રી ચિમનભાઈ પટેલ** (શ્રી સ્વા. મંદિર - એટલાન્ટા પ્રેસીડન્ટ)ને ત્યાં **ઘરસભા**નું આયોજન કરવામાં આવ્યું હતું. અહિં વસતા હરિભક્તોના નિવાસસ્થાનોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ **પધરામણી**નો લાભ આપ્યો હતો.















બર્મિંગહામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં **શ્રી ચિમનભાઈ પટેલ** (પ્રેસ



પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સાંનિધ્યમાં

# દિવ્ય સત્સંગ સભા - વર્જીનીયા (Virginia)

તા. ૧૦-૮-૨૦૧૦

તા. ૧૦-૮-૨૦૧૦ના રોજ વર્જીનીયા રાજ્યના રીચમૂંડ શહેરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રી સંતો-ભક્તો સાથે પધાર્યા હતા. અહિંના ભક્ત સમુદાય દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીની **ભવ્ય શોભાયાત્રા** કાઢવામાં આવી હતી. ત્યારબાદ ક્રીસયન પ્રાથમિક સ્કુલમાં સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સભામાં વર્જીનીયા વિસ્તારના અગ્રણી ભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પમાળા પહેરાવી **સ્વાગત-પૂજન** કર્યું હતું. અંતમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તોને આશીર્વાદાત્મક **અમૃતવર્ષા** વહાવી હતી. ડલાસ શહેરમાં વસતા ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીની પોતાના ઘેરે **પધરામણી** કરાવી અનેરો લ્હાવો લીધો હતો.



















પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સાંનિધ્યમાં

# દિવ્ય સત્સંગ શિબિર - ન્યૂજર્સી

તા. ૧૩ થી ૧૫-૮-૨૦૧૦

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિદેશમાં વસતા હરિભક્તોના આમંત્રણને માન આપી, સત્સંગ વૃદ્ધિ, વિકાસ, સદ્ધર્મ અને શ્રીજીમહારાજ સ્થાપિત સિદ્ધાંતોનું પોષણ અને બળ આપવા માટે અમેરિકાની ધરતી પર **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** સંતમંડળ સહિત **તા. ૨૮-૭-૨૦૧૦** થી **તા. ૧૭-૮-૨૦૧૦** સુધી સત્સંગ પ્રચારાર્થે પધાર્યા હતા. તેને અનુલક્ષીને **New Jersey**ને આંગણે ધર્મકુળ આશ્રિત **શ્રી સ્વા. આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળ** દ્વારા **તા. ૧૩-૮-૨૦૧૦** થી **તા. ૧૫-૮-૨૦૧૦** સુધી **'દિવ્ય સત્સંગ શિબિર'** આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર દરમ્યાન પ.પૂ. લાલજી મહારાજશ્રી દિવ્ય અમૃતવાણીને સાથે, **પૂ. વિવેકસ્વરૂપદાસજી સ્વામી**ના વક્તાપદે **શ્રીહરિલીલામૃત કથા,** પ્રસંગોપાત **પૂ. કૈવલ્યસ્વરૂપદાસજી સ્વામી** તથા **પૂ. પૂર્ણસ્વરૂપદાસજી સ્વામી** વગેરે સંતોએ **ધર્મકુળ મહિમા** પર વક્તવ્ય આપ્યા હતા. ત્રણે-ત્રણ દિવસ ભક્તજનોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીની **ભવ્ય શોભાયાત્રા** કાઢીને સભામંચમાં પધરાવ્યા હતા. શિબિર દરમ્યાન સવારથી લઈ સાંજ સુધી બાળકો અને યુવાનો સાથે સત્સંગ પ્રશ્નોત્તરી, સત્સંગ સભા, ઠાકોરજીની સંધ્યાઆરતી, નિત્યનિયમ, ચેષ્ટા, રાસોત્સવ વગેરે કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ હરિભક્તોના નિવાસસ્થાનોએ પધરામણી કરીને અમૂલ્ય લાભ આપ્યો હતો.

**તા.૧૩-૮-૨૦૧૦ :-** પ.પૂ. લાલજી મહારાજશ્રીની શોભાયાત્રા, શ્રીહરિલીલામૃત કથા, સંતો-ભક્તોના પ્રવચનો, પ.પૂ. લાલજી મહારાજશ્રીની અમૃતવાણી, ઠાકોરજીની સંધ્યાઆરતી, નિત્યનિયમ, ચેષ્ટા વગેરે.










SHREE SWAMINARAYAN AGYNA











દિવ્ય સત્સંગ શિબિર - ન્યૂજર્સી

# દ્વિતીય દિવસ : તા. ૧૪-૮-૨૦૧૦

શિબિરના દ્વિતીય દિવસે સવારથી લઈ સાંજ સુધી કીર્તન-ભક્તિ, પ.પૂ. લાલજી મહારાજશ્રીની **સ્વાગત શોભાયાત્રા,** શ્રીહરિલીલામૃત કથા, સંતો-ભક્તોના પ્રવચનો, પ.પૂ. લાલજી મહારાજશ્રીની અમૃતવાણી, ઠાકોરજીની સંધ્યાઆરતી, નિત્યનિયમ-ચેષ્ટા તેમજ બાળકો અને યુવાનો સાથે **સત્સંગ પ્રશ્નોત્તરી** વગેરે અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.





















ન્યૂજર્સીને આંગણે સત્સંગ શિબિર પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીની

# હેલીકોપ્ટર દ્વારા સ્વાગત-શોભાયાત્રા

તા. ૧૫-૮-૨૦૧૦

પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ન્યૂજર્સીને આંગણે તા. ૧૩ થી ૧૫-૮-૨૦૧૦ સુધી યોજાયેલ 'દિવ્ય સત્સંગ શિબિર'ના **અંતિમદિવસે** જેમશ્રીજી સમકાલીન ભક્તો ભગવાન શ્રીહરિને રથ, મેનો, પાલખી, અશ્વ, ગજરાજ વગેરે ઉપર પધરાવીને **સ્વાગત-સામૈયા** કરતા હતા, તેમઅમેરિકાવાસી હરિભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીને **હેલીકોપ્ટર**માં પધરામણી કરાવીને શિબિર સ્થળ સુધી ભવ્ય હવાઈમાર્ગે સફર કરાવી હતી. આ અભૂતપૂર્વ **હેલીકોપ્ટર શોભાયાત્રા** નિહાળી ભાવિક ભક્તજનોના હૈયા હૃદયમાં ઉપજેલા અતિ આનંદથી પુલકિત બનીને નાચી ઊઠ્યા હતા.


















### વિદેશ યાત્રા પૂર્ણ કરીને ભારત પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું

# અમદાવાદ એરપોર્ટ પર ભવ્ય સ્વાગત

તા. ૧૮-૮-૨૦૧૦

ભગવાન શ્રીહરિની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, પ.પૂ. લાલજી મહારાજશ્રી સંતમંડળ સહિત સફળતાપૂર્વક યુ.એસ.એ. - વિદેશનો સત્સંગ યાત્રાપ્રવાસ કરીને તા. ૧૮-૮-૨૦૧૦ના રોજ રાત્રે ૧૨.૦૦ કલાકે એરઈન્ડિયાની ફ્લાઈટ દ્વારા અમદાવાદ એરપોર્ટ પધાર્યા હતા. એરપોર્ટ ઉપર **સ્વાગત** કરવા દેશો-દેશથી આવેલા વિશાળ સંખ્યામાં ભક્ત સમુદાયે પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ભાવભર્યું પુષ્પમાળા અને જયજયકારથી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી, પૂ. એસ.પી. સ્વામી, પૂ. કો. ઘનશ્યામવલ્લભદાસજી સ્વામી - ગઢપુર, પૂ. શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી - બગસરા, પૂ. પી.સી. સ્વામી - ઝૂંડાલ વગેરે વડીલ સંતો તેમજ અગ્રગણ્ય હરિભક્તો પણ હાજર રહ્યા હતા.















શ્રી ગોપીનાથજી મહારાજની દિવ્ય સાંનિધ્યમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની વિદેશયાત્રાગમનની

# ભવ્ય સ્વાગત સત્સંગ સભા - ગઢપુર

તા. ૧૮-૮-૨૦૧૦

તા. ૨૪-૮-૨૦૧૦ (બળેવ પૂનમ)ના રોજ રક્ષાબંધનના પવિત્ર દિવસે ગઢપુરને આંગણે શ્રી ગોપીનાથજી મહારાજની પવિત્ર નિશ્રામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની વિદેશયાત્રાગમનની **'ભવ્ય સ્વાગત સત્સંગ સભા'** રાખવામાં આવી હતી. આ પ્રસગે ધામોધામથી સંતો-ભક્તો તેમજ ગઢડા અને જૂનાગઢ ટેમ્પલ બોર્ડના ટ્રસ્ટીસભ્યો હાજર રહીને પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા વિદેશ પ્રવાસમાં સાથે રહેલ પૂ. સંતોનું સ્વાગત-પૂજન કર્યું હતું.













**પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયલ પ.પૂ. લાલજી મહારાજશ્રીના 'યુ.એસ.એ. સત્સંગ યાત્રા'થી પ્રભાવિત થઈને ઈલોનોઈસ તથા વિસ્કોન્સી રાજ્ય સરકારે તથા શહેર પ્રેસીડન્ટે પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને શહેરના 'માનદ્ નાગરીક' જાહેર કરીને કરેલું બહુમાન**

# ઈલોનોઈસ રાજ્યનો 'માનદ્ નાગરિક' બહુમાન પત્ર

**PROCLAMATION**
**Village of Wheeling**

**HIS HOLINESS NRIGENDRAPRASAD AJENDRAPRASAD PANDE**
**~ HONORARY CITIZEN OF THE VILLAGE OF WHEELING ~**

**WHEREAS,** twenty-two years ago, the Swaminaryan Satsang Organization chose the Village of Wheeling, for the site of a new temple, located at 397 Northgate Parkway; and

**WHEREAS,** the Swaminaryan Satsang Organization has since been an active participant in the broad community of the Village, demonstrating exemplary citizenship among residents of all faiths; and

**WHEREAS**, the Village of Wheeling is fortunate to have the Swaminaryan Satsang Organization as an anchor of our community; and

**WHEREAS,** the Board of Trustees wishes to recognize His Holiness Nrigendraprasad Ajendraprasad Pande on the occasion of his visit to the Swaminaryan Temple in the Village of Wheeling as the 108 Shri Lalji Maharaj and future Acharya of Swaminarayan Sampraday;

**NOW, THEREFORE, I, Judy Abruscato, President of the Village of Wheeling,** do hereby proclaim His Holiness Nrigendraprasad Ajendraprasad Pande to be an honorary citizen of the Village of Wheeling for the day of his visit to the Swaminaryan Temple, and I call upon the citizens of the Village to recognize the significant contributions that the Swaminaryan Temple has made and continues to make to our community.

**DATED** at the Village of Wheeling this 16th day of August, 2010.

CORPORATE SEAL

Judy Abruscato
Judy Abruscato, Village President

**ATTEST:**

Elaine E. Simpson
Elaine E. Simpson, Village Clerk

# વિસ્કોન્સી રાજ્યનો 'માનદ્ નાગરિક' બહુમાન પત્ર

# Official Proclamation

## OFFICE OF THE MAYOR
## CITY OF RACINE, WISCONSIN

**Whereas:** The Shree Swaminaryan Agyna-Upasana Satsang Mandal – Wisconsin Corp has chosen the City of Racine, Wisconsin for the site of a new temple; and

***Whereas:*** With the blessings of H.H. Shri 1008 Acharya Shri Ajendraprasadji Maharaj. His Holy Highness 108 Acharya Designated Lalji Shri Nrigendraprasaji Maharaj will be present in the City of Racine on Thursday July the 29th, 2010 to decide the site of the new temple

***NOW, THEREFORE, I, John Dickert,*** Mayor of the City of Racine, do hereby proclaim His Holy Highness 108 Acharya designated Lalji Shri Nrigendraprasaji Maharaj to be an honorary citizen of Racine, Wisconsin:

***IN WITNESS WHEREOF,*** I have hereunto set my hand and caused the Seal of the City of Racine to be affixed.

Done at the City Hall
this 23 day of July, 2010.

Mayor




પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય '**શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦**'ના ઉપક્રમે યોજાયેલ **ચારધામની સાતમી**

# શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા

તા. ૩ થી ૩૦-૮-૨૦૧૦

સર્વાવતારી ભગવાન **શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના અથાગ પરિશ્રમથી, ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્ય સ્થાન છપૈયા અને નીલકંઠ વર્ણીરૂપે શ્રીજીમહારાજે જ્યાં વનવિચરણ કર્યું છે તેમજ ભારત દેશના મુખ્ય તીર્થસ્થાન ગણાતા એવા **રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રિનાથ અને દ્વારિકા** આદિક પવિત્ર **ચારધામો**ની વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય '**શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦**'ના ઉપક્રમે **શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર** દ્વારા સાતમી '**શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા**'નું **તા. ૦૩-૦૮-૨૦૧૦ અષાઢ વદ - ૮** થી **તા. ૩૦-૦૮-૨૦૧૦ શ્રાવણ વદ - ૫** સુધી આયોજન કરવામાં આવ્યું હતું.

આ ટ્રેનયાત્રા કુલ ૧૮ ડબ્બા(કોચ)ની રાખવામાં આવી હતી. જેમાં પૂ. સંતો-પાર્ષદો સહિત ૧૨૦૦ યાત્રિકો જોડાયા હતા. સંપૂર્ણ ટ્રેનયાત્રામાં જરા પણ કોઈ જગ્યાએ અવ્યવસ્થા થઈ જ નથી. આ ટ્રેનયાત્રામાં ટ્રેનનો રૂટ તથા બસ દ્વારા તીર્થસ્થળોના દર્શન રૂટ મળી ૧૦,૦૦૦ હજારથી વધારે કિલોમીટરની આ તીર્થયાત્રા હતી. આ ટ્રેનયાત્રા ૧૦થી વધારે રાજ્યોમાંથી પસાર થઈ હતી.






**પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે યોજાયેલ ચારધામની સાતમી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા' - તા. ૩ થી ૩૦ ઓગષ્ટ - ૨૦૧૦**

૧. ટ્રેનયાત્રાને વિદાય આપવા પધારેલા રાજકોટ રેલ્વે સ્ટેશન ઉપર યાત્રિકોને આશીર્વાદ પાઠવતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. ૨. ટ્રેનયાત્રા આયોજક પૂ. સ્વામીને ભાવથી ભેટીને વિદાય આપતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. ૩. પૂ. સ્વામીને ભેટીને વિદાય આપતા પૂ. કોઠારી સ્વામી - ગઢપુર. ૪. ટ્રેનનું પૂજન કરીને લીલી ઝંડી પ્રદર્શિત કરીને પધારતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો-ભક્તો. ૫-૬. ટ્રેનમાં યાત્રિકોના દરેક કોચમાં જઈને દર્શન આપતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. ૭. ટ્રેનમાં પૂ. સંતોના કોચમાં વિરાજમાન થયેલ ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી.. ટ્રેનયાત્રા દરમ્યાન અલગ-અલગ સ્થાનોમાં યોજાયેલ સત્સંગ સભાઓ : ૭. નાસિક ૮. રામેશ્વર ૯. તિરુપતિ બાલાજી ૧૦. કાશી-બનારસ ૧૧. છપૈયા ૧૨. હરિદ્વાર.

**છબીકલા :** નીતિન સગર - સુરત. મો. ૯૫૩૭૫૪૦૭૮૧































પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિધમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે યોજાયેલ ચારધામની સાતમી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા' - તા. ૩ થી ૩૦ ઓગષ્ટ - ૨૦૧૦

છપૈયાધામમાં બાળપ્રભુશ્રીના દર્શનાર્થે પધારતા પૂ. સંતો સાથે યાત્રિક ભક્તજનો. ૧-૨. શ્રી નારાયણ સરોવર. ૩. શ્રી ધર્મ-ભક્તિ સ્મૃતિ સ્થાન. ૪. મહુડાના ઝાડના લીલાનું સ્થાન. ૫. કાલીદત વિનાશ સ્થાન. ૬. જાંબુડાલીલા સ્થાન. ૭. બહિરીયો કૂવો. ૮. શિખરબધ્ધ મંદિર ૯. શ્રી ઘનશ્યામજન્મોત્સવની ઉજવણી કરતા યાત્રિકો. ૧૦. છપૈયામાં નિવાસ દરમ્યાન દરરોજ ઠાકોરજીના દર્શન કરતા ટ્રેનયાત્રાના યાત્રિકો.

























**પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે યોજાયેલ ચારધામની સાતમી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા' - તા. ૩ થી ૩૦ ઓગષ્ટ - ૨૦૧૦**

---

છપૈયા શિખરબધ્ધ મંદિરમાં વિરાજમાન ૧. શ્રીહરિકૃષ્ણ મહારાજ-શ્રી રાધાકૃષ્ણ દેવ. ૨. શ્રી ધર્મ-ભક્તિ, શ્રી હરિકૃષ્ણ મહારાજ. ૩. શ્રી ઘનશ્યામમહારાજ - શ્રી રેવતીબળદેવજી. ૪. જન્મસ્થાનમાં શ્રી ઘનશ્યામમહારાજના પાટોત્સવ પૂજાવિધિમાં પૂ. સ્વામી તથા યજમાનશ્રીઓ. ૫. બાળપ્રભુશ્રીનો પંચામૃત અભિષેક કરતા પૂજારી. ૬. મહાપૂજા કરતા ટ્રેનયાત્રાના યાત્રિક ભક્તો. ૭. ટ્રેનયાત્રા દ્વારા શ્રી ઘનશ્યામમહારાજ સમક્ષ ધરાવેલ છપ્પનભોગ અન્નકૂટ. ૮. બાળપ્રભુશ્રીની આરતી ઉતારતા પૂ. સ્વામી તેમજ લાભ લેતા યાત્રિકો.


























**પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે યોજાયેલ ચારધામની સાતમી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા' - તા. ૩ થી ૩૦ ઓગષ્ટ - ૨૦૧૦**

૧. પંઢરપુરમાં ચંદ્રભાગા નદીમાં ઠાકોરજીના અભિષેક સાથે સમૂહ સ્નાન. ૨. રામેશ્વરમાં પ્રાસાદિક દરિયા કિનારે ઠાકોરજીનો અભિષેક કરતા પૂ. સ્વામી સાથે સંતો-ભક્તો. ૩. શ્રીરંગ ક્ષેત્રમાં કાવેરી નદીમાં યાત્રિકો સાથે સમૂહ સ્નાન કરતા પૂ. સંતો-ભક્તો. ૪. જગન્નાથપુરીમાં ઈન્દ્રપ્રસ્થ સરોવરમાં યાત્રિક સંતો-ભક્તોનું સમૂહ સ્નાન. ૫. કાશીમાં ગંગાકિનારે સમૂહ સ્નાન. ૬. પ્રયાગરાજ-અલ્હાબાદમાં ત્રિવેણી સંગમમાં ઠાકોરજીના અભિષેક સાથે સમૂહસ્નાન. ૭-૮. હરિદ્વારમાં ગંગાકિનારે સમૂહ સ્નાન કરીને ગંગાજીની આરતી ઉતારતા યાત્રિક સંતો-ભક્તો. ૯. મથુરામાં વિશ્રામઘાટ-યમુના નદીના કિનારે સમૂહ સ્નાન કરતા સંતો-ભક્તો. ૧૦-૧૧. રામેશ્વરમાં સમૂહમાં દર્શનાર્થે પધારતા યાત્રિક સંતો-ભક્તો. ૧૨. દ્વારિકામાં દર્શનાર્થે પધારતા યાત્રિક સંતો-ભક્તો.


























**પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે યોજાયેલ ચારધામની સાતમી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા' - તા. ૩ થી ૩૦ ઓગષ્ટ - ૨૦૧૦**

૧. ત્ર્યબંકેશ્વરમાં દર્શનાર્થે ટ્રેનયાત્રાના ભક્તજનો. ૨. પંઢરપુરમાં શ્રી વિઠ્ઠલનાથજીના દર્શન કરવા પધારતા યાત્રિકો. ૩. રામેશ્વરમાં દર્શનાર્થે જતા સંતો-ભક્તો. ૪. શ્રીરંગ ક્ષેત્રમાં શ્રીરંગનાથ ભગવાનના દર્શનાર્થે યાત્રિક ભક્ત સમુદાય. ૫. જગન્નાથપુરીમાં દર્શન કરતા સંતો-ભક્તો. ૬. સાક્ષીગોપાલમાં દર્શનાર્થે યાત્રિક પૂ. સંતો-ભક્તો. ૭-૮. કોર્ણાકમાં સૂર્યમંદિરના દર્શને પૂ. સંતો-ભક્તો. ૯. અલ્હાબાદમાં શ્રી સ્વા.મંદિરમાં દર્શનાર્થે પૂ. સંતો-ભક્તો. ૧૦. ભારદ્વાજ ઋષિના આશ્રમમાં દર્શન કરતા પૂ. સંતો-ભક્તો. ૧૧. મથુરામાં વિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારતા પૂ. સ્વામી. ૧૨. દ્વારિકામાં શ્રી રણછોડરાયજીના દર્શનાર્થે સંતો-ભક્તો.




























**પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે યોજાયેલ ચારધામની સાતમી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા' - તા. ૩ થી ૩૦ ઓગષ્ટ - ૨૦૧૦**

૧-૨. ટ્રેનયાત્રા દરમ્યાન રેલ્વે સ્ટેશન ઉપર રાસોત્સવ કરતા પૂ. સંતો-ભક્તો. ૩. દરેક યાત્રિકોને પોતાના ઘેર લઈ જવા માટે ઠાકોરજીના પ્રસાદનું વિતરણ કરતા પૂ. સ્વામી. ૪-૫. રસોડાની સેવામાં પૂ. સંતો તથા ઉત્સાહી સેવાભાવી સ્વયંસેવકો. ૬. મહાપ્રસાદ આરોગતા યાત્રિક ભક્તજનો. આ ટ્રેનયાત્રા દરમ્યાન રસોડા તેમજ વહીવટી વિભાગની સેવા કરેલ સંતો-પાર્ષદો ઉપર રાજીપો વરસાવતા પૂ. સ્વામી. ૭. પૂ. બ્રહ્મસ્વરૂપ સ્વામી. ૮. પૂ. ધર્મવલ્લભ સ્વામી. ૯. પૂ. બાલમુકુંદ સ્વામી. ૧૦. પૂ. પતિતપાવન સ્વામી. ૧૧. પાર્ષદ સરજુભગત. ૧૨. પાર્ષદ જનમંગલ ભગત. ૧૩. પાર્ષદ અક્ષય ભગત.



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા સ્વામી ધર્મવલ્લભદાસજી - રઘુવીરવાડી













વડતાલ પ્રદેશના **વિરસદ**ને આંગણે પવિત્ર શ્રાવણ માસમાં ધર્મકુળ આશ્રિત સત્સંગ મંડળ દ્વારા યોજાયેલ **'કથા પારાયણ'**માં દર્શન-અમૃતવાણીનો લાભ આપતા બંને **પ.પૂ. લાલજી મહારાજશ્રી.** (તા. ૨૦-૮-૨૦૧૦)







ગઢપુરધામને આંગણે ઉજવાયેલ **'જન્માષ્ટમી મહોત્સવ'** માં ઠાકોરજીનું પૂજન-અર્ચન કરતા **પ.પૂ. લાલજી મહારાજશ્રી.** (તા. ૨-૯-૨૦૧૦)















વડતાલ પ્રદેશના સુરત શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી ધર્મકુળ આશ્રિત શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ 'દ્વિમાસિક સત્સંગ સભા મહોત્સવ' (તા. ૪-૯-૨૦૧૦)

છબીકલા : શ્રીહરિ ડીઝીટલ સ્ટુડીયો - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦











જૂનાગઢ પ્રદેશના માણાવદરને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના અધ્યક્ષપદે તેમજ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે અને સોરઠવાસી ભક્તોના સહિયારા પુરુષાર્થથી સૌપ્રથમવાર યોજાયેલ **'શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર'** (તા. ૬ થી ૧૦-૯-૨૦૧૦)

**છબીકલા :** શ્રીહરિ ડીઝીટલ સ્ટુડીયો - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પધારો સરધાર....

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય
'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે સરધારધામને આંગણે

પધારો સરધાર....

# શ્રીજીમહારાજનો ૧૮૦મો શ્રાદ્ધોત્સવ

## તારીખ :- ૩-૧૦-૨૦૧૦, ભાદરવા વદ - ૧૦, રવિવાર

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ દક્ષિણ વિભાગ વડતાલ દેશ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારને આંગણે વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે તા. ૩-૧૦-૨૦૧૦, ભાદરવા વદ -૧૦ ને રવિવારના રોજ સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનો '૧૮૦મો શ્રાદ્ધોત્સવ' તથા 'અભયદાન માસિક સત્સંગ સભા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ શ્રાદ્ધોત્સવ અને માસિક સત્સંગ સભામાં સરધાર નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી શ્રીમુખે વચનામૃતના માધ્યમથી કથા-વાર્તાનો દિવ્ય લાભ મળશે. તેમજ સાથે સાથે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

તો વ્હાલા ભક્તજનો ! આ આપણા સર્વના સહિયારા ઉત્સવમાં ભગવદ્ દર્શન, સંતદર્શન, કર્થાવાર્તા-કીર્તન તેમજ મહાપ્રસાદનો લાભ લઈ જીવનને સાર્થક બનાવવાનું ચૂકશો નહિ.

## :: કાર્યક્રમ રૂપરેખા ::

| -: ધૂન-કીર્તન :- | -: સત્સંગ સભા :- | -: મહાપ્રસાદ :- |
|---|---|---|
| સવારે : ૮-૩૦ થી ૯-૦૦ | સવારે : ૯-૦૦ થી ૧૨-૦૦ | બપોરે : ૧૨-૦૦ |

સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩

રાજકોટ માસિક સત્સંગ સભા :- તા.૨૫-૯-૧૦, શનિવાર સમય :- રાત્રે ૯ થી ૧૧ સંપર્ક :- મો. ૯૪૨૬૨૨૯૫૫૮

---

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**પધારો સરધાર... દિપાવલીના શુભ અવસર ઉપર ધનતેરશથી લાભપાંચમ સુધી... ચાલો સરધાર..**



પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ
સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય
'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે

# શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી

**અધ્યક્ષ** પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**પ્રયોજક** પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી-વડતાલ (હાલ - સરધાર)



પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



પ.પૂ. લાલજી મહારાજશ્રી

## તારીખ : ૩ થી ૧૦ નવેમ્બર - ૨૦૧૦

સ્થળ : 'શ્રી સ્વામિનારાયણ બાગ' શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩



























પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયલ વડતાલ દેશ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પ.પૂ. ૧૦૮
શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું 'USA સત્સંગ પરિભ્રમણ - ૨૦૧૦' તસ્વીર દર્શન

Shree Swaminarayan Chintan, September - 2010 Reg. No. GRJ - 517, Valid upto 31-12-2011, RNI No. GUJGUJ10785/06/1/03 - TC


શિકાગો (IL)


શિકાગો (IL)


શિકાગો (IL)


હ્યુસ્ટન (TX)


હ્યુસ્ટન (TX)


ઓસ્ટીન (TX)


ડલાસ (TX)


ડલાસ (TX)


એટલાન્ટા (GA)


બર્મિંગહામ (AL)


વર્જીનીયા (VA)


ન્યૂજર્સી (NJ)

**પ.પૂ. લાલજી મહારાજશ્રીના 'વિદેશ સત્સંગ પરિભ્રમણ' દરમ્યાન તા. ૨૮ થી તા. ૧૭-૮-૨૦૧૦ સુધી અમેરિકા ખંડના વિવિધ રાજ્યોમાં યોજાયેલ 'ભવ્ય સત્સંગ સભાઓ'ની તસ્વીર ઝલક**

છબીકલા : રાકેશ પટેલ, ચંદ્રેશ પટેલ, મદનમોહન પટેલ, જીગ્નેશ પટેલ, સતિષ પટેલ, શ્રેયસ પટેલ, પુષ્પક પટેલ - યુ.એસ.એ. નીતિન સગર - સુરત

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Patitpavandasji